**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૭૭ ટકા

## આજે ગાંધીનગરમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવમાં આશીતા અને અમીપ પ્રજાપતિ રાત્રે ૭.૩૦ કલાકે સે-૧૧ સ્થિત રામકથા મેદાનમાં ગરબાની રમઝટ જમાવશે.

● શિવશકિત મંદિર ચોક સે-૭-સી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે આરતી ત્યારબાદ રતનસિંહ વાઘેલા, ભાગ્યેશ નાયક, કિરણ ચૌહાણ દ્વારા ગરબાની રમઝટ જમાવાશે.

● નવરાત્રી સમિતિ સે-૩ ન્યુ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ૯ કલાકે અમીત પંડયા એન્ડ મ્યુઝિકલ પાર્ટી દ્વારા ગરબાની રમઝટ જમાવાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કે. કડીકર દ્વારા સે-૧૫ પ્લોટ નં. ૧૦૧ મિત્તલબેન ઠાકોરના નિવાસસ્થાને બપોરે ૨.૩૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

## ચિરવિદાય

● સ્વ. બગડા જનકભાઈ પ્રેમજીભાઈ, ઉ.વ. ૫૫
● સ્વ. મોદી ભૂપેન્દ્રભાઈ મણીલાલ, ઉ.વ. ૭૯
● સ્વ. ઠાકોર ભીખાજી હેમતુજી, ઉ.વ. ૩૩
● સ્વ. ઠકકર જયેશકુમાર ખુશાલભાઈ, ઉ.વ. ૩૫
● સ્વ. મકવાણા ઉર્મિલકુમાર મનોજકુમાર, ઉ.વ. ૪૫
● સ્વ. પ્રજાપતિ મંગુબેન વરવાભાઈ, ઉ.વ. ૮૧

# શેરી ગરબામાં ગરબાની રમઝટ જામી

## શેરી ગરબામાં શહેરના આસપાસના ગામમાંથી ખેલૈયાઓ ગરબે ઘૂમવા આવ્યા








ગાંધીનગર, તા.૬

શહેરમાં નવરાત્રી પર્વની ઉજવણી જોર શોરથી ચાલી રહી છે. નગરના ખેલૈયા મનમુકીને ગરબે ઘૂમી રહ્યા છે. શહેરના શેરી ગરબામાં આજુબાજુના ગામમાંથી પણ ગરબે ઘૂમવા ખેલૈયાઓ આવે છે. શહેરના સે-૭-સી, સે-૧, સે-૩ ન્યૂ, સે-૧૭ અને સે-૫ જેવા સ્થળોએ આ વર્ષે શેરી ગરબાનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. શેરી ગરબા આયોજકોનું કહેવું છે કે, પાર્ટી પ્લોટમાં જે ખેલૈયા દરરોજ પાસ ખરીદીને ન જઈ શકે તેમના માટે તેઓ શેરી ગરબાનું વિશિષ્ટ આયોજન કરે છે અને અમુક શેરીમાં ગરબાના અંતે વિજેતાઓને ઈનામ પણ અપાય છે. આ ઉપરાંત શેરી ગરબામાં આવનાર દરેક માટે પાર્કીંગની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

શહેરના સે-૭-સીમાં વર્ષ ૧૯૯૬થી શિવશકિત નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ નવરાત્રી સમિતિ દ્વારા નવે નવ દિવસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરરોજ ચારથી પાંચ હજાર ખેલૈયાઓ ગરબામાં ભાગ લે છે. આ ઉપરાંત ગરબા નિહાળવા પણ આવે છે. સે-૭-સીના વસાહતીઓના ફાળાથી દરરોજ ગરબાની મ્યુઝિકલ પાર્ટી બોલાવાય છે. દરરોજ ૨૦ જાતના અલગ અલગ કુલ ૧૫૦ જેટલા ઈનામો અપાય છે. ગાંધીનગરના સેકટરના તથા આજુબાજુના ગામથી ખેલૈયાઓ અહીં ગરબે ઘૂમવા આવે છે. સ્થાનિક કોર્પોરેટર ધારાસભ્ય, શહેરના કલાકારો અહીં ઉપસ્થિત રહી ખેલૈયાઓને પ્રોત્સાહિત કરે છે. સરકારના નિયમ મુજબ જ અહીં રાત્રીના ૧૨ વાગે ગરબા બંધ થઈ જાય છે તથા પાર્કિંગ વ્યવસ્થા અને ફાયર સેફટીની પણ વ્યવસ્થા સે-૭-સી નવરાત્રી સમિતિ દ્વારા કરવામાં આવી છે.

નગરના સે-૧માં છેલ્લા ૩૫ વર્ષથી ઉત્સવ સમિતિ સે-૧ દ્વારા નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. નવ દિવસ પ્રાચીન રીતે ગરબા યોજાય છે. દરરોજ ૧૫૦૦થી ૨૦૦૦ શહેરીજન અહીં ગરબા નિહાળવા આવે છે અને ૫૦૦થી વધુ ખેલૈયાઓ ગરબે ઘૂમે છે તથા દરરોજ ૩૫ કિલો જેટલો પ્રસાદ વહેંચાય છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● **વોર**
૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૨૦, ૧૨.૨૦, ૧.૨૦, ૨.૪૦, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૨૦, ૧૦.૨૦, ૧૧.૨૦

● **છીછોરે**
૪.૪૦

● **ડ્રીમગર્લ**
૪.૩૦

● **સાવેરા નરસીમ્મા રેડ્ડી**
૯.૩૦, ૧.૦૦, ૭.૨૦, ૧૦.૫૦



શહેરની સેકટર-૮-બી સ્થિત ગોકુલ સોસાયટીમાં આરતી સજાવટની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શ્રેષ્ઠ આરતી સજાવી પ્રથણ ત્રણ ક્રમે આવનારને ઈનામ આપવામાં આવ્યા હતા. સોસાયટીની દરેક બહેનો દ્વારા આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.

## વાડોકાઈ કરાટે-ડૉ એકેડમી ગુજરાત દ્વારા આંતર જિલ્લા ચેમ્પિયનશીપ યોજાઈ




ગાંધીનગર, તા.૬

વાડોકાઈ કરાટે-ડૉ એકેડમી ગુજરાત દ્વારા ગાંધીનગર-અમદાવાદ આંતર જિલ્લા ચેમ્પિયનશીપ યોજાઈ હતી. જેમાં અડાલજની ડીએમસી સ્કુલની ટીમે ૩ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ મેડલ્સ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ હતું.

સ્મિત પ્રજાપતિ, ભૌમિક રાજપુરોહિત અને પ્રમીલા કુમાવતએ ગોલ્ડ મેડલ્સ તેમજ જુની ગોલે ત્રીજું સ્થાન મેળવી સ્કુલનું ગૌરવ વધાર્યુ હતું. વિજેતા ખેલાડીઓએ અડાલજની ડીએમસી સ્કુલના કોચ સેન્સાઈ અલ્પેશ રાઠોડના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. સ્કૂલના પ્રિન્સિપાલ જાબા ઐયરે વિદ્યાર્થીઓ તથા કોચ અલ્પેશ રાઠોડને અભિનંદન પાઠવ્યા હતા.

## શાલિન-૪ એપાર્ટમેન્ટની વેશભૂષામાં મુખ્યમંત્રીની ગાર્ડ સાથે "એન્ટ્રી"...!!

### વાવોલની શાલિન-૪માં દર વર્ષે નવરાત્રીમાં સાતમે વેશભૂષા યોજવામાં આવે છે તારક મેહતાની ટીમ અને શિરડી સાઈબાબા જેવા પાત્રો રહીશોએ ભજવ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં આદ્યશક્તિ મા જગદંબાની ઉપાસનાના પર્વમાં શ્રધ્ધાળુઓનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે. ચૌરે ને ચૌટે સૌ કોઈ માતાજીના ગરબા રમતા અને રાસે ઘૂમતા જોવા મળે છે. આ ઉત્સાહમાં પાર્ટી પ્લોટના ભવ્ય આયોજનો સાથે શેરી ગરબા પણ અવનવા આકર્ષણો ઉમેરી તેમનું માત્ર અસ્તિત્વ જ ટકાવી નથી રહ્યા બલ્કે સામાન્ય અને મધ્યમ વર્ગને નવરાત્રી માણવાનો સારો વિકલ્પ પણ પૂરો પાડી રહ્યા છે. આ અંતર્ગત જ વાવોલમાં નવ વિકસિત સોસાયટી વિસ્તારમાં વિકસિત શાલીન-૪ એપાર્ટમેન્ટમાં દર વર્ષે નવરાત્રિની સાતમે "વેશભૂષા" યોજવામાં આવે છે અને આ કાર્યક્રમમાં સોસાયટીના અબાલવૃધ્ધ સૌ કોઈ રહીશો ખુબ જ ઉત્સાહથી ભાગ લેતા હોય છે. ગઈ કાલે યોજાયેલી વેશભૂષામાં બાળકો સાથે અન્ય રહીશો મળીને આશરે ૭૦થી વધુ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.



ગાંધીનગરના વાવોલમાં શાલિન-૪માં યોજાયેલ વેશભૂષામાં ભાગ લેનારા બાળકો અને રહીશોએ રાજ્યના મુખ્યમંત્રી પોતાના સિક્યુરિટી ગાર્ડ સાથે આવ્યા હોય તેવા પાત્રોથી માંડીને શિરડીના સાઈબાબા, તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા જેવી લોકપ્રિય ટીવી સિરિયલના તમામ પાત્રો, નરેન્દ્ર મોદી, શિક્ષક, રેપ સ્ટાર, ખેડૂત, પોલીસ, બડેમિયા છોટેમિયાં, પીયુસી કેન્દ્ર, કાનુડો, રાધા, પરી, ટપોરી, તલવારબાજી કરતી રાજપૂતાણી, પંડિત, જાદુગર, પ્રદૂષણ પીડિત ભાવિ નાગરિક જેવા અનેકવિધ પાત્રો પ્રસ્તુત કરીને પોતાની અનોખી સર્જનાત્મકતાનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના સભ્યોએ પણ શાલીન-૪ના વેશભૂષા કાર્યક્રમમાં મુલાકાત લીધી હતી.

## આઠમની સવારે 'પુસ્તક પરબ'માં વાચકોનું વાંચન 'નૈવેદ્ય'...!!

ગાંધીનગર, તા.૬

આદ્યશકિત મા જગદંબાના નવસ્વરૂપોની આરાધનાનું પર્વ નવરાત્રી તેના અંતિમ ચરણમાં છે ત્યારે શહેરની મધ્યમાં આજે સવારે માતૃભાષા અભિયાન પ્રેરિત તથા આત્મન ફાઉન્ડેશન સંચાલિત પુસ્તક પરબ યોજાઈ હતી.



ઓકટોબર માસની આ પુસ્તક પરબમાં નવરાત્રીનો ઉજાગરો હોવા છતાં સાહિત્યરસિક અને ભાષારસિક વાંચકોએ નોંધપાત્ર સંખ્યામાં મુલાકાત લઈ પુસ્તક પરબના આયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો.


આજની પુસ્તક પરબમાં સનદી અધિકારી વી.એસ. ગઢવી સહિત મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. પુસ્તક પરબમાં આજે વાચકોએ ૧૫૯ પુસ્તકો તથા ૮૫ સામયિકો મળીને કુલ ૨૪૪ વાંચન સામગ્રી વિના મૂલ્યે પ્રાપ્ત કરી હતી જયારે સ્વૈચ્છિક દાતા તથા સાહિત્ય વાંચન પ્રવૃત્તિને ઉત્તેજન આપવા ઉત્સુક ભાષા પ્રેમીઓ તરફથી પુસ્તક પરબને આજે ૩૩૭ પુસ્તકો અને ૨૬૩ સામયિકો મળીને કુલ ૬૦૦ વાંચન યોગ્ય પુસ્તકોની ભેટ પ્રાપ્ત થઈ હતી. આજની પુસ્તક પરબની શહેરના કેટલાક નાના બાળકોથી માંડીને પ્રબુધ્ધ નાગરિકોએ પણ મુલાકાત લીધી હતી અને મા સરસ્વતીને જાણે નવરાત્રીમાં વાંચન 'નૈવેદ્ય' ધરાવ્યું હતું.

# માત્ર આકરો દંડ ફટકારવાથી શું ખરેખર અકસ્માતોનું પ્રમાણ ઘટી જશે??

## વિશ્વમાં માર્ગ અકસ્માતોમાં મોખરાનું સ્થાન હોવાને પગલે કેન્દ્ર સરકારે વીંઝેલા આકરા નાણાંકીય દંડની જોગવાઈઓ કેટલી અસરકારક રહેશે? 'દંડ' કરતા જવાબારી ભરી ટ્રાફિક સેન્સ જયાં સુધી વાહનચાલકોમાં નહીં કેળવાય ત્યાં સુધી આ કવાયત ફળે તેવું જણાતું નથી

ગાંધીનગર, તા.૬

વિશ્વભરમાં સૌથી વધુ માર્ગ અકસ્માતો અને તેમાં મૃત્યુ પામતાં વ્યકિતઓનો આંકડો પણ ભારતમાં સૌથી વધુ હોવાને પગલે કેન્દ્ર સરકારે ભારતભરમાં ટ્રાફિક નિયમનને ભૂલ રહિત કરવા અને ટ્રાફિકના નિયમોના પાલનની અસરકારકતા વ્યાપક કરવા કમરકસી છે તે આવકારદાયક બાબત છે. આપણા દેશમાં વાહન ચલાવવામાં અતિ સામાન્ય કહી શકાય તેવી કેટલીક સાવચેતીઓથી માંડીને અત્યંત જરૂરી એવા નિયમોની લગભગ મોટા ભાગના વાહનચાલકો દ્વારા જે રીતે ઉપેક્ષા કરવામાં આવી રહી છે તે ઘણી વ્યાપક પ્રમાણમાં છે અને તેને નિયંત્રિત કરવા કેન્દ્ર સરકારે ઉગામેલું આકરાં નાણાંકીય દંડનું શસ્ત્ર કેટલું વ્યાજબી છે તે લાંબી ચર્ચાનો વિષય છે. જો કે આકરી દંડનીય જોગવાઈઓથી સામાન્ય વાહનચાલકો દ્વારા ઉપેક્ષિત જરૂરી સાવચેતીઓનો અમલ કરવાની જાગૃતિ 'ડર'ના કારણે પણ ધીમે ધીમે આવશે પરંતુ માત્ર આ રીતે વાહનચાલકો પર ફટકારવામાં આવેલી આકરા દંડની જોગવાઈઓથી દેશમાં અકસ્માતોનું પ્રમાણ ઘટી જશે કે તેમાં મૃત્યુ પામનારા હતભાગીઓની સંખ્યામાં કોઈ




મોટો ઘટાડો નોંધાશે તે માનવું હજુ પણ ભુલ ભરેલું જણાય છે.

તાજેતરમાં નવરાત્રી દરમિયાન જ ગુજરાતની ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમા અંબાજી ખાતેથી પરત ફરી રહેલી એક ખાનગી બસના અકસ્માતની ઘટનામાં ૨૨ વ્યકિતઓના થયેલા કમકમાટીભર્યા મોતના સમાચારે રાજયભરમાં ભારે અરેરાટી ફેલાવી છે. પ્રાથમિક અહેવાલો મુજબ આ અકસ્માતમાં ડ્રાઈવર દ્વારા જોખમી કહી શકાય તેવા ત્રિશુળિયો ઘાટ પસાર કરતી વખતે 'વેલ્ફી' એટલે કે સેલ્ફીમાં જાતે જ લેવામાં આવતા ફોટાની જેમ જાતે જ વિડિયો ઉતારવાની ઘેલછા કારણભૂત બની હોય તેવું જાણવામાં આવ્યું છે. વળી, આ બસમાં મુસાફરોની સંખ્યા પણ નિયત મર્યાદા કરતા વધુ હતી અને મુસાફરોએ ડ્રાઈવરને ટોકવા છતાં તેણે વિડિયો ઉતારવાનું બંધ નહોતું કર્યુ તેવા પણ અહેવાલ સમાચારપત્રોમાં વાંચવા મળ્યા છે. આ પ્રકારની અસંખ્ય બેદરકારીઓ આપણે ત્યાં ખાનગી કે સરકારી વાહનચાલકો દ્વારા સતત વાહન હંકારતી વખતે કરવામાં આવે છે તે એક સર્વવિદિત હકીકત છે. આ બેદરકારીઓમાં હવે સૌથી વધુ ચાલુ વાહને મોબાઈલનો જોખમી રીતે ઉપયોગ કરવાની બાબત મોખરે જણાય છે. પબ્લિક ટ્રાન્સપોર્ટની સેવા પુરી પાડતા ખાનગી કે સરકારી વાહનચાલકોની જવાબદારી તો ખૂબ વધુ હોય છે તેમ છતાં આ વાહનચાલકો દ્વારા ચાલુ વાહને કપડાંથી કાચ સાફ કરવો, વધુ ટ્રીપ કરી વધુ નાણાં કમાઈ લેવાની લ્હાયમાં સતત ઉજાગરા સાથે ડ્રાઈવીંગ કરવું, નશો કરીને કે બિમારીની હાલતમાં ડ્રાઈવીંગ કરવું, મુસાફરોને વાહનમાં ઘેટાં







બકરાંની જેમ વધુ પડતી સંખ્યામાં ભરવા, વાહનો પર જરૂરી સિગ્નલ્સ અન્ય વાહન ચાલકને દેખાતા બંધ થઈ જાય તેટલી જામેલી ધૂળ ખંખેરવાની ઉદાસીનતાથી માંડીને વાહનની નિયમિત માવજતની ઉપેક્ષા કરવી, વાહન હંકારતા જોખમી બને તેવી ચીજવસ્તુઓ જેવી કે પાણીની બોટલ, ઓઈલના કેન, લાકડી, જુતાં, ટિફિન વગેરે છુટાં મુકવા, સામેવાળા વાહનચાલક આ પ્રમાણે જ દિશા બદલશે કે ગતિ નિયમન કરશે તેવી ધારણા બાંધી લઈ ઓવર કોન્ફિડન્સમાં વાહન હંકારવું, વારંવાર નાના શોર્ટકટ શોધવા કે રોંગસાઈડ જવું વગેરે ઉપરાંત જયાં ત્રણ રસ્તા, ચાર કે પાંચ રસ્તા એકઠા થતા હોય અથવા પોતાને વળવાનું હોય તેવા 'કટ' પરથી 'સર્કલ' ફરવાને બદલે કે સર્કલ ના હોય ત્યારે પોતાની તરફવાળી સાઈડે જોખમી રીતે વળાંક લઈ લેવાની બેદરકારીઓનો સમાવેશ થાય છે.

અત્યારે શહેરના ચાર રસ્તા પર ટુ વ્હિલર લઈને જતા વાહનચાલકોને હેલ્મેટ કે પીયુસી માટે અથવા ફોર વ્હિલર ચાલકને સીટ બેલ્ટ કે હાઈ સિકયુરિટી નંબર પ્લેટ માટે દંડવાથી અકસ્માતોની સંખ્યા ઘટવાની નથી પરંતુ આ જ વાહનચાલકો જયારે તેમની નાના શોર્ટકટ લેવાની આદત, ખરેખર વળવાનું આવે તે પહેલાથી સાઈડ ચેન્જ કરી લેવાની ઉતાવળ, માર્ગને ક્રોસ કરવાનો પ્રયાસ કરી રહેલા રાહદારીઓ, સાયકિલસ્ટ કે અન્ય વાહનચાલકને જોઈ પોતાનું વાહન ધીમું પાડવાને બદલે 'પહેલા મને જતો રહેવા દો' જેવી વૃત્તિથી લાઈટ દેખાડી વાહનની સ્પીડ વધારી દેવાની અણસમજ, ખોટી રીતે સિગ્નલ આપીને કે સિગ્નલ્સ આપ્યા વગર જ 'ટર્ન' લઈ લેવાની ભૂલ, નશો કરીને કે મોબાઈલ પર વાત કરતા કે મેસેજ ચેક કરતા વાહન હંકારવાની બેદરકારી અથવા ગીચ રહેણાંક વિસ્તારમાં પણ વધુ પડતી ઝડપે વાહન હંકારવાની પાશવી વૃત્તિ પર અંકુશ આવશે તો જ અકસ્માતો ઘટશે અને આ માટે દરેક જગ્યાએ ટ્રાફિક હવાલદાર કે સીસીટીવી કેમેરા પહોંચી વળવાના નથી તે માટે તો માત્ર અને માત્ર વાહન ચાલકની જાગૃતિ યુકત જવાબદારી ભર્યો વિવેક જ કામ લાગે તેમ છે. હજુ આવી બેદરકારીઓમાં સંતાનોને અન્ડર એજ ડ્રાઈવીંગ કરવા દેવું, અચાનક બ્રેક મારવી કે સ્ટંટ કરવા, બાજુ બાજુમાં વાહનો હંકારી ચાલુ વાહને એકબીજા સાથે વાતો કરવી, રેલ્વે ક્રોસીંગ કે અન્ય ટ્રાફિક જામ સ્થળે રોંગ સાઈડથી આગળ નીકળવું, રોંગ સાઈડથી ઓવરટેક કરવો, મોડી રાત્રીના સમયે સુમસામ માર્ગો પર બેફિકરાઈ ભર્યુ ડ્રાઈવીંગ કરવું, વહેલી પરોઢ કે સાંજના સમયે યોગ્ય પ્રકાશના અભાવમાં ઓવર સ્પીડ ડ્રાઈવ કરવું કે વાહનની લાઈટ ચાલુ ના કરવી, હેલ્મેટની કલીપ બંધ કર્યા વગર તે ઉડીને બીજા માટે જોખમી બને તે રીતે પહેરવો જેવી અનેક બાબતોનો પણ સમાવેશ થાય છે. આ તમામ બેદરકારીઓ 'માત્ર' આકરો દંડ કરી લેવાથી દૂર થઈ રાતોરાત 'ટ્રાફિક સેન્સ' નહીં આવી જાય પરંતુ આ આદતો સુધારવા યોગ્ય ટ્રાફિક શિક્ષણ સાથે વાહન નિયમન તંત્ર દ્વારા ડ્રાઈવીંગ લાયસન્સ માટેની યોગ્યતાથી માંડીને તમામ બાબતે 'વહીવટ' કરી લેવાની વૃત્તિ સદંતર નાથવી પડશે જ.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com